# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

**‘‘પંડિત દીનદયાળ ભવન’’, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.**

**પ્રતિ,** **તા. ૨૫/૦૩/૨૦૧૮**

**તંત્રીશ્રી,**

**..............................................,**

**સુરત.**

**આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.**

**લી.**



**શૈલેષભાઈ પટેલ**

**કાર્યાલય મંત્રી,**

**ભાજપ–સુરત મહાનગર**

**ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા દ્વારા પ્રેરીત ‘‘તાપી શુદ્ધિકરણ’’ મહાઅભિયાનનો ખૂબ જ અસરકારક પ્રારંભ થયો હતો. અભિયાનના પ્રથમ જ દિવસે પાર્ટીના હજારો કાર્યકર્તાઓ અને સેવાભાવી સંસ્થાઓના સભ્યો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. અભિયાનના પ્રથમ જ દિવસે તાપી નદિમાં અસરકારક પરિણામ નિહાળવા મળ્યું હતું.**

**તાપી શુદ્ધિકરણ મહાઅભિયાન અંગે માહિતી આપતા સુરત શહેર ભાજપના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલે જણાવ્યું હતું કે સુરતની જીવાદોરી સમાન તાપી નદિને જળકુંભીની બેડીમાંથી મુક્ત કરાવવા શહેરના જાગૃત નાગરીકોએ કમર કસી છે. રવિવારે રામનવમીના શુભ દિવસે તાપી નદિના કિનારે એક સાથે પાંચ સ્થળોએ ‘‘તાપી શુદ્ધિકરણ’’ મહાઅભિયાનનો શુભારંભ ભગવાન શ્રી રામચંદ્રજી અને તાપી માતાની આરતી સાથે થયો હતો. પ્રથમ દિવસથી જ આ અભિયાનના અસરકારક પરિણામો દેખાવાનું શરૂ થયું હતું. જળકુંભીથી આચ્છાદિત તાપી નદિની સપાટી પર જળકુંભીથી મુક્ત થયેલ ભાગ દેખાવાનું શરૂ થઈ ગયું છે.**

**સેવાભાવી સંસ્થાઓ અને ભાજપના કાર્યકર્તાઓની મોટી ફોજ જળકુંભીને દૂર કરવાના કામે લાગી હતી. કોઝવે કમ વિયર, રાંદેર ઈન્ટેકવેલ, કતારગામ વોટર વર્કસ, વરાછા વોટર વર્કસ, સરથાણા વોટર વર્કસ ખાતે હજારો સુરતપ્રેમીઓ તાપી માતાને જળકુંભીની જંઝાળમાંથી મુક્ત**

કરાવવાના યજ્ઞમાં જોડાયા હતા. સુરત મહાનગરપાલિકાની મશીનરી તથા અન્ય મશીનરી ઉપરાંત ભાજપના કાર્યકર્તાઓ, સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને યાંત્રિક તથા માનવ સંચાલિત હોડીઓના સંકલનથી જનભાગીદારીનો નવો આયામ સર્જાયો હતો. જોતજોતામાં તાપી નદિના કિનારે નદિમાંથી ખેંચી લવાયેલી જળકુંભીનો ઢગલો થયો હતો અને બીજા તબક્કામાં તેને ટ્રકોમાં ભરીને નિકાલ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસના અભિયાન દરમ્યાન પાંચેય સ્થળોએથી કુલ મળીને ૩૦૪૧ મેટ્રીક કયુબ જેટલી જળકુંભી દૂર કરવામાં આવી હતી. આજના તાપી સફાઈ અભિયાનના પ્રથમ દિવસે પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે તમામ પાંચ સ્થળોએ મુલાકાત લીધી હતી.

જળકુંભી હટાવવાના આ અભિયાનના પ્રથમ દિવસે આગેવાનો દ્વારા સમગ્ર અભિયાનની બારીક સમીક્ષા કરીને આવનાર દિવસોમાં તેને હજુ પણ વધુ અસરકારક કેવી રીતે બનાવી શકાય તેનું આયોજન કર્યુ હતું. ઉપરાંત હજુ વધુ સંખ્યામાં કાર્યકર્તાઓ અને સેવાભાવી સંસ્થાઓ જોડવાનું નક્કી કર્યુ છે. ઉપરાંત વધુ મશીનરી, હોડી વિગેરે જોડવાનું પણ આયોજન હાથ ધર્યુ છે.

તાપી શુદ્ધિકરણ મહાઅભિયાનના પ્રથમ દિવસે વિરામ દરમ્યાન આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો રેડીયો પ્રસારીત કાર્યક્રમ ''મન કી બાત'' સાંભળવાનો પણ કાર્યક્રમ યોજાયો હતો. યોગાનુયોગ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ''મન કી બાત'' કાર્યક્રમમાં ''સ્વચ્છતા અભિયાન'' અને ''જળસંચય''ના વિષય પર ભાર મુક્યો હતો. જે બંને બાબતો ''તાપી શુદ્ધિકરણ'' મહાઅભિયાન સાથે સુસંગત બની રહેતા ઉપસ્થિત સૌ સુરતપ્રેમીઓ પ્રોત્સાહિત થયા હતા.

તાપી શુદ્ધિકરણના પ્રથમ દિવસે સફાઈ અભિયાનમાં સિંગણપોર કોઝ વે કમ વિયર ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૮,૧૦,૧૯,૨૦,૨૨,૨૩ તથા સેવાભાવી સંસ્થાઓ લાયન્સ કલબ ઓફ સુરત, બજરંગ દળ, ઉતર ભારતીય સમાજ, કોળી પટેલ સમાજ, આઝાદ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રીનાથદ્વાર સોસાયટી, મોટા મંદિર યુવક મંડળ, અલાયન્સ કલબ ઓફ સુરત, ફરીયાદી સંઘ ઓફ માનવઅધિકાર, સાંઈ આશિષ યુવક મંડળ, મહિલા તાલીમ અને બાળ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, ઉતર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, કેસરી યુવક મંડળ, શ્રી સુરતી મોઢવણિક સમાજ રાંદે– અડાજણ, શીતકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ, દેવીપૂજ સમાજ, શીતલ ટોકીઝ, આરોગ્ય ભારતી, પૂર્વ સૈનિક સેવા પરિષદ વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

રાંદેર ઈન્ટેકવેલ, જહાંગીરપુરા ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૧,૯,૨૧,૨૬,૨૮,૨૯ તથા સેવાભાવી સંસ્થાઓ શ્રી ઝાલાવડ જૈન સમાજ, શ્રી રાંદેર સમસ્ત દરજી જ્ઞાતિ પંચ, મોરા ભાગળ, દક્ષિણ ગુજરાત દલિત સમાજ સેવા મંડળ, ગાયત્રી પરિવાર, ભટાર, રાંદેર, વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

કતારગામ વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨,૬,૭,૧૧,૧૨ તથા સેવાભાવી સંસ્થાઓ ટાઈગર ગૃપ યુવક મંડળ, શ્રી ડબગર સમાજ, ડબગરવાડ, ગાયત્રી પરિવાર સુરત, શ્રી સુરત ઢીમ્મર જ્ઞાતિ પંચ, માછીવાડ, સૈયદપુરા વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

વરાછા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૪,૫,૧૩,૧૪,૧૮,૨૭ તથા સેવાભાવી સંસ્થાઓ જય ભગવાન ગૃપ, શ્રી રાધે ગૃપ ગૌ સેવા સમિતિ વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

સરથાણા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૩,૧૫,૧૬,૧૭,૨૪,૨૫ તથા સેવાભાવી સંસ્થાઓ ભવાની ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ, સ્વામી વિવેકાનંદ ગૃપ, સમન્વય એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

આ ઉપરાંત તમામ પાંચ સ્થળો પર હિરા ઉદ્યોગના વિવિધ એકમો તથા ટેક્સટાઈલ ઉદ્યોગની વિવિધ સંસ્થાઓના સભ્યો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રથમ દિવસે પાંચ સ્થળો ઉપર અંદાજે પાંચ હજારથી વધુ વ્યક્તિઓ જોડાયા હતા.

આવતીકાલે અભિયાનના બીજા દિવસે સિંગણપોર કોઝ વે કમ વિયર ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૮,૧૦,૧૯,૨૦,૨૨,૨૩ તથા સેવાભાવી સંસ્થાઓ મહિલા તાલીમ અને બાળ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ, જાયન્ટસ ગૃપ ઓફ ગ્રેટર, સુરત વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના બીજા દિવસે રાંદેર ઈન્ટેકવેલ, જહાંગીરપુરા ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૧,૯,૨૧,૨૬,૨૮,૨૯ તથા સેવાભાવી સંસ્થાઓ સુમીરોવ ફાઉન્ડેશન વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના બીજા દિવસે કતારગામ વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨,૬,૭,૧૧,૧૨ તથા સેવાભાવી સંસ્થાઓ રત્નાસાગર વિદ્યાલય, ભારત માતા કી જય સમિતિ વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના બીજા દિવસે વરાછા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૪,૫,૧૩,૧૪,૧૮,૨૭ તથા સેવાભાવી સંસ્થાઓ યંગ સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટ વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના બીજા દિવસે સરથાણા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૩,૧૫,૧૬,૧૭,૨૪,૨૫ તથા સેવાભાવી સંસ્થાઓના સભ્યો જોડાશે.

ઉપરાંત તમામ પાંચ સ્થળો પર હિરા ઉદ્યોગના વિવિધ એકમો તથા ટેક્સટાઈલ ઉદ્યોગની વિવિધ સંસ્થાઓના સભ્યો પણ મોટી સંખ્યામાં જોડાશે.

તાપી શુદ્ધિકરણ મહાઅભિયાનમાં હજુ પણ મોટી સંખ્યામાં લોકોને જોડવા માટે ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ હાકલ કરી છે.